Bharat Hindu Samaj

SEWA Serving Encouraging Working for Assisting the Community

વ્હાલા સભ્યો જાન્યુઆરી ૨૦૨૦

જયશ્રી કૃષ્ણ

આપણે નવા વર્ષમાં પ્રવેશીએ છે અને નવા વર્ષની આપને સૌને ખૂબ ખૂબ શુભકામના.ભારત હિન્દુ સમાજના સભ્યોને એક્તાની ભાવનાથી સેવા આપી તે માટે સમિતી તરફથી ખૂબ ખૂબ આભાર. અને એજ ભાવનાથી ૨૦૨૦ના વર્ષમાં સહકાર મળશે તેવી આશા રાખવામાં આવે છે.

આ વર્ષે અમે પૂજા માટે નવી વ્યાખ્યા રાખી છે, અને અમને દરેક પ્રસંગ માટે મુખ્ય યજમાનની આવશ્યકતા છે. આ માટે અમે સંસ્કૃત શબ્દ સેવાને અનોખી રીતે અપનાવ્યો છે. પ્રેરણાત્મક રીતે સેવાના ત્રણ પ્રકાર, તન.મન અને ધન થી લોક કલ્યાણ માટે નિર્સ્વાથ ભાવે કાર્ય કરી નારાયણની ઉપાસના કરવી.

આપણા મંદિરના રસોડામાં તદ્દ્ન નવા સાધનો વસાવ્યા છે અને સ્વયંમ સેવકોએ મંદિરનું પ્રવેશદ્વાર અને રસોઇ ઘર – કિચનમાં રંગ રોગાન કરીને સ્વચ્છ અને સુંદર બનાવેલ છે. આપણા મંદિરમાં નવી કારપેટ નાખવાની હોય, દાન સ્ચિકાર્ય છે.

બીજી વિનંતિ કે હિન્દુ સમાજના કોઇ પણ પ્રસંગ દરમ્યાન કોઇ પણ મુદ્દો ઉત્પન થાય તો સમિતીના સભ્યને સંપર્ક કરો જે તેને નિષ્ઠાથી ઉકેલ લાવવામાં મદદ કરશે.

ફરી એક વાર તમારો સૌનો આભાર માનવામાં આવે છે અને સમાન ઉત્સાહથી ૨૦૨૦ના કાર્યક્રમોમાં ભાગ લેશો.

રજની રેક્રી
ઉપપ્રમુખ

સભ્યોને નમ્ર વિનંતિ કે તેઓ પોતની £૧૫.૦૦ ફી તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ પહેલા ભરી દે. ત્યાર બાદ £૨૦.૦૦ ભરવાના રહેશે. ઓન લાઇન ભરવા માટે બેન્કની વિગત છે.ભારત હિન્દુ સમાજ બારક્લેઝ બેન્ક, સોર્ટ કોડ ૨૦-૬૭-૩૭ બેન્ક એકાઉન્ટ નંબર ૬૦૧૭૫૩૧૫.

# શિયાળાના તહેવારો અને પ્રસંગો

## રવિવાર તા ૧ ૨ જાન્યુઆરી: લોહરી ઉજવણી

બપોરના ૪.૦૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી સંગીત અને નૃત્ય સહિત લોહરીની ઉજવણી, ત્યાર બાદ ભોજન પ્રસાદી. સ્પોનસર અથવા સહ સ્પોનસરની આશ્યક્તા હોય આપ £૨૫૧.૦૦ આપીને સ્પોનસર અથવા સહ સ્પોનસર બની શકો છો. શ્રી ધર્મેશભાઈ પાસે આપનુ નામ નોંધાવો.

## રવિવાર તા.૧૯ જાન્યુઆરી: નવગ્રહ હવન

મક્કર સંક્રાંતિની ઉજવણી નિમિત્તે સવારે ૯.૦૦ વાગ્યાથી નવગ્રહ હવન રાખવામાં આવેલ છે. આપ £૨૫૧.૦૦ આપીને મુખ્ય યજમાન બની શકો છો. આન્ય સભ્યો £૨૫.૦૦ આપીને આપના પરવિારના ૪ સભ્યો ભાગ લઈ શકો છો. આપને મુખ્ય યજમાન બનવુ હોય અથવા પૂજાવિધીમાં ભાગ લેવો હોય તો શ્રી ધર્મેશભાઈ પાસે આપનુ નામ નોંધાવો.

## શનિવાર તા. ૮ ફેબ્રુઆરી: થાઈ પોસમ

પી.એસ.ડી.એમ.ઓ. દ્વારા યોજીત ભગવાન કાર્તિક માટે થાઈ પોસમ સવારે ૯.૦૦ વાગ્યાથી પૂજા, હોનમ, અભિષેક, અને પાલ કવદી, પૂજા બાદ મહા ભોજન  પ્રસાદી. આપ્રસંગ માટે £૫૧.૦૦ આપીને આપના પરવિારના ૪ સભ્યો ભાગ લઈ શકો છો.જે કોઇને સ્પોન્સર આ પ્રસંગ સ્પોનસર કરવો હોય તે શ્રી મુરલી અંતરામનને ૦૭૭૮૮૫૮૭૫૮૧ અથવા ખુરાજા ને ૦૭૯૨૬૯૬૪૦૨૮ પર સંપર્ક કરે.

## રવિવાર તા. ૯ ફેબ્રુઆરી: માઘ પૂર્ણીમાનું સત્યનારાયણ વ્રત

સવારની આરતિ બાદ ૧૦.૩૦ વાગ્યે આ પવિત્ર દ્વિવસે સત્યનારાયણ વ્રત અને કથા ત્યાર બાદ મહાપ્રસાદી. મુખ્ય યજમાન  આપ £૨૫૧.૦૦ આપીને મુખ્ય યજમાન બની શકો છો. આન્ય સભ્યો £૨૧.૦૦ આપીને આપના પરવિારના ૪ સભ્યો ભાગ લઈ શકો છો. આપને મુખ્ય યજમાન બનવુ હોય અથવા પૂજાવિધીમાં ભાગ લેવો હોય તો શ્રી ધર્મેશભાઈ પાસે આપનુ નામ નોંધાવો.

## રવિવાર તા. ૯ ફેબ્રુઆરી: સત્સંગ કાર્યક્રમ

શ્રી ઠાકુર અનુકુલચંદ્ર (૧૮૮૮ થી ૧૯૬૯) જીવન ઉપદેશો પર આધારીત સત્સંગ યુકે સાંજના ૪.૩૦ વાગે એક આધ્યાતમિક મંડળનું આયોજન કરે છે.સાંજની આરતિ બાદ ભોજન પ્રસાદી.

## રવિવાર તા.૮ માર્ચ: માસી માગમ

પી.એસ.ડી.એમ.ઓ. દ્વારા યોજીત ભગવાન કાર્તિક માટે માસી માગમ  સવારે ૯.૦૦ વાગ્યાથી પૂજા, હોનમ, અભિષેક, અને પાલ કવદી, પૂજા બાદ મહા ભોજન  પ્રસાદી. આપ્રસંગ માટે £૫૧.૦૦ આપીને આપના પરવિારના ૪ સભ્યો ભાગ લઈ શકો છો.જે કોઇને સ્પોન્સર આ પ્રસંગ સ્પોનસર કરવો હોય તે શ્રી મુરલી અંતરામનને ૦૭૭૮૮૫૮૭૫૮૧ અથવા ખુરાજા ને ૦૭૯૨૬૯૬૪૦૨૮ પર સંપર્ક કરે.

## શનિવાર  તા. ૭ માર્ચ : હોળી રંગ રમત

સંજના ૬.૦૦ વાગ્યાથી. અમુક રંગો વહેંચાતા મળશે પરંતુ આપના પોતાના રંગો સાથે લાવા વિનંતિ. આ પ્રવૃતિ બાળકો ને લક્ષમાં રાખીને  યોજ્યામાં આવેલ છે, પરંતુ પુખ્ત વયના પણ ભાગ લઇ શકશે. આપના બાળકો ૧૬ વર્ષથી નિચેની ઉમરના હોય તો આપની હાજરી આવશ્યક છે. જેઓને ભાગ લેવો હોય તેઓને  સમયસર આવવા વિનંતિ. આ પ્રસંગમાં કપડાં બગડશે એટલે યોગ્ય કપડાં અને બુંટ પહેરવા વિનંતિ.

**શનિવાર તા. ૭ માર્ચ: હોળી ઉત્સવ**

સાંજની આરતિ બાદ ૭.૩૦ વાગે હોળીકા દહન.

**ગુરૂવાર તા. ૨ એપ્રિલ: શ્રી રામ નવમી ઉત્સવ**

સવારે ૧૦.૩૦ સત્સંગ, બપોરે ૧૨.૦૦ વાગે શ્રી રામ જન્મ અને પૂજા, ત્યાર બાદ ફલાહાર. આપ £૨૫૧.૦૦ આપીને મુખ્ય યજમાન બની શકો છો. આન્ય સભ્યો £૨૫.૦૦ આપીને આપના પરવિારના ૪ સભ્યો ભાગ લઈ શકો છો. આપને મુખ્ય યજમાન બનવુ હોય અથવા પૂજાવિધીમાં ભાગ લેવો હોય તો શ્રી ધર્મેશભાઈ પાસે આપનુ નામ નોંધાવો.

**સોમવાર તા.૬ એપ્રિલ: પાનગુની ઉથીરમ, ભગવાન કાર્તિકના વિવાહ**

પી.એસ.ડી.એમ.એ. દ્વારા યોજીત થીરૂકલ્યાનમ, ભગવાન કાર્તિક ના વિવાહ  સાંજના ૫.૩૦ વાગ્યા થી પૂજા, હોનમ, અભિષેક, અને કલ્યાનમ, ત્યાર બાદ મહા ભોજન પ્રસાદી. આ પ્રસંગ સ્પોનસર કરવો હોય તે શ્રી મુરલી અંતરામનને ૦૭૭૮૮૫૮૭૫૮૧ અથવા ખુરાજા ને ૦૭૯૨૬૯૬૪૦૨૮ પર સંપર્ક કરે.

**શનિવાર તા. ૭ એપ્રિલ: શ્રી હનુમાન જ્યંતિ ઉત્સવ**

બપોરે ૨.૦૦ વાગ્યે હનુમાન પૂજા, ૨.૩૦ થી ૬.૩૦સુધી સુંદર કાંડ પાઠ, ભજન, હનુમાન ચાલીસા. ૬.૪૫ આરતિ અને ત્યાર બાદ મહાપ્રસાદી. . આપ £૨૫૧.૦૦ આપીને મુખ્ય યજમાન બની શકો છો. શ્રી ધર્મેશભાઈ પાસે આપનુ નામ નોંધાવો..

**સેમવાર તા.૧૩ એપ્રિલ: તામીલ નૂતન વર્ષ**

પી.એસ.ડી.એમ.એ. દ્વારા યોજીત તામીલનૂતન વર્ષની ઉજ્વણી. સાંજના ૫.૩૦ વાગ્યા. આ પ્રસંગ સ્પોનસર કરવો હોય તે શ્રી મુરલી અંતરામનને ૦૭૭૮૮૫૮૭૫૮૧ અથવા ખુરાજા ને ૦૭૯૨૬૯૬૪૦૨૮ પર સંપર્ક કરે.

**રવિવાર તા. ૨૬ એપ્રિલ: શ્રી સીતા રામ કલ્યાણમ**

પીટરબરાહ તેલુગુ સંગહમ (પીટીએસ) તરફથી સવારે ૧૦.૩૦ વાગે શ્રી રામ અને સીતા દેવીના વિવાહ, ત્યાર બાદ મહાપ્રસાદી.

**રવિવાર તા. ૩ મે: ભારત હિન્દુ સમાજની સામાન્ય વાર્ષિક સભા**

ભારત હિન્દુ સમાજની સામાન્ય વાર્ષિક સભા રવિવાર તા. ૩ મે ના બપોરે ૨.૦૦ વાગ્યે. વધારે વિગત તારીખની નજીક જણાવવામાં આવશે.

**ટ્રીપ્સ**

**રવિવાર તા. ૨૪ મે:-** વેલીંગબરાહ મંદિરમાં આખો દિવસ પ્રાર્થના, ભજન, સત્સંગનો કાર્યક્રમ હોય લગભગ ૩૦૦૦ માણસો ભેગાં થશે અને બપોરના જમણ બાદ, લેસ્ટરમાં ખરીદી અને ત્યાર બાદ સાંઇ બાબાના મંદિરે જ્વાનો કાર્યક્રમ છે. એક વ્યક્તિ £૧૫.૦૦ દીઠ કોચ સવારે ૧૦.૩૦ વાગે રવાના થશે તો સૌને સવારે ૧૦.૧૫ આવી જ્વા વિનંતિ.વધુ વિગત માટે ભરતભાઇ સેટા ૦૭૮૭૭૬૨૭૭૩૫ કલ્પના બેન સેટા ૦૧૭૩૩ ૩૪૧૨૯૦ ફોન કરી આપના નામ નોંધાવો. ખાસ નોંધ કે સોમવાર તા.૨૫ મે ના બેન્ક હોલી ડે છે.

**<u>બુધવાર તા. ૫ ઓગષ્ટ થી રવિવાર તા. ૯ ઓગષ્ટ</u>**

૫ દિવસની **સ્વીટઝરલેન્ડ** જવા માટે એક ટ્રીપ યોજવામાં આવેલ છે, જેમાં માઉંટ ટીટલીસ, લુસર્ન, અને રહાઇન ફોલ્સનો સમાવેશ થાય છે. મુસાફરી, રાતવાસો, સવારના નાસ્તાપાણી, અને રાતનું ભોજન. પુખ્ત વયના માટે £૪૧૦.૦૦ અને બાળકો માટે £૪૦૦.૦૦. વહેલો તે પહેલો અનુસાર સીટોનું બુકીંગ કરવામાં આવશે. આપને જવું હોય તો વધુ વિગત આપવામાં આવશે. આ ભાવ ગયા વર્ષના હોય, આ વર્ષના ભાવ મળતાં ચોક્કસ કરવામાં આવશે. અપના નામ નોંધાવવા માટે માટે ભરતભાઇ સેટા ૦૭૮૭૭૬ ૨૭૭૩૫ કલ્પના બેન સેટા ૦૧૭૩૩ ૩૪૧૨૯૦ ફોન કરો.
વ્યક્તિ દીઠ £૫૦.૦૦ ડીપોઝીટ આપવી પડશે જે કોઇ પણ સંજોગોમાં પાછી નહિ મળે અને બાકીની રકમ ૭ અઠવાડીઆ પહેલાં ભરવાની રહેશે.

## સમાજના પ્રસંગો અને પ્રવૃતિઓ

ટેબલ ટેનીસ – દર સોમવારે, મંગળવારે અને શુક્રવારેસવારે ૧૧.૩૦થી બપોરે ૧.૩૦ વાગ્યા સુધી. સ્ત્રિ મેમબરો આવકારીત છે. આપને ભાગ લેવો હોય તો શ્રી નિરૂભાઇ ત્રિવેદીનો ટેલીફોન નંબર ૦૭૯૩૯૫૨૭૧૦૨ સંપર્ક કરો.

લંચ ક્લબ – દર સોમવારે, મંગળવારે સવારે ૧૧.૩૦ થી બપોરે ૧.૩૦ વાગ્યા સુધી.


સ્કુલ વિઝટ– ચાલુ સ્કુલ દરમ્યાન શિક્ષકો અને સ્કુલના બાળકો મંદિરની મુલાકતે આવે છે. મંદિર બતાવવા અને હિન્દુ ધર્મ વિષે સમજાવવા સ્વયંમસેવકોની આવશ્યક્તા છે. આ બાબત જરૂરીયાત ટ્રેનીંગ આપવામાં આવશે. વધુ વિગત માટે શ્રીમતિ રજની રેડીનો સંપર્ક કરો. *rajnireddy07@aol.com/07940362975*

૧૧ હનુમાન ચાલીસા – દર શનિવારે ૫.૩૦ થી ૬.૩૦

સાઇ ભજન અને આરતિ – દર મહિનાના પહેલા ગુરૂવારે સાંજના ૭.૩૦ થી ૯.૦૦ વાગ્યા સુધી,

બલગોકુલમ ત્થા શાખા – દર રવિવારે બપોરે ૩.૩૦ થી ૫. ૦૦

**ઝુમ્બા ક્લાસીઝ** દર સોમવાર સાંજન ૭.૦૦ થી ૮.૦૦ વાગ્યા સુધી આપણા સભ્યો માટે વિના મુલ્યે ઝુમ્બા ક્લાસીઝ



# Bharat Hindu Samaj

SEWA Serving Encouraging Working for Assisting the Community

Registered Charity Number 274404 / 6 New England Complex, Rock Road,PE1 3BU 01733 315241/347188
Email: bharathindusamajpbo@gmail.com / www.facebook/bharathindusamaj /www.bharathindusamaj.co.uk

| | | | | | |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી | ૧૩ સોમવાર લોહરી | ૧૪ મંગળવાર મક્કર સંક્રાતિ | ૧૫ બુધવાર થાઇ પોન્ગાઇ | ૨૯ બુધવાર વસંત પંચમી | |
| ફેબ્રુઆરી | ૮શનિવાર થાઇ પોસમ | | ૨૧ ફેબ્રુઆરી મહા શિવરાત્રી | | |
| માર્ચ | ૮ રવિવાર માસી માગમ | ૯ સોમવાર હોલી દહન | ૧૦ મંગળવાર ધુળેટી | ૨૫ બુધવાર ગુડી પડવો/ઉગડી ચૈત્ર નવરાત્રી શરૂઆત | |
| એપ્રિલ | ૨ ગુરૂવાર રામ નવમી | ૬ સોમવાર પાગુની ઉથીરમ | ૭ મંગળવાર હનુમાન જયંતિ | ૧૩ સોમવાર તામીલ નૂતન વર્ષ | |
| મે | | | | | |
| જુન | ૨ મંગળવાર ભીમ એકાદસી | ૩બુધવાર વૈકાસી વિસાકામ | ૫ શુક્રવાર વટ્ટ સાવિત્રી પૂર્ણિમા વ્રત | ૨૩ મંગળવાર જગન્નાથ રથ યાત્રા | |
| જુલાઇ | ૩ શુક્રવાર જયા પાર્વતિ વ્રત | ૫ રવિવાર ગુરૂ પૂર્ણિમા | ૭ મંગળવાર જયા પાર્વતિ વ્રત જાગરણ | ૨૧ મંગળવાર શ્રાવણ માસ આરંભ | ૨૫ શુક્રવાર નાગ પંચમી |
| ઓગષ્ટ | ૩ મંગળવાર રક્ષા બંધન | ૯ રવિવાર રાંધણ છઠ્ઠ | ૧૦ સોમવાર શિતળા સાતમ | ૧૧ મંગળવાર કૃષ્ણ જન્માષ્ટમી | |
| ૧૨ બુધવાર મંદિર પાટ્ટોત્સવ આદી ક્રીથીગાઇ | ૧૮ મંગળવાર શ્રાવણ માસ સમાપ્ત | ૨૨ શનિવાર ગણેશ ચર્તુથી | | ૩૧ સોમવાર ગણેશ વિર્સજન | |
| સપ્ટેમ્બર | ૨ બુધવાર પ્રથમ શ્રાધ | ૧૭ ગુરૂવાર શ્રાધ સમાપ્ત સવૈ પિતૃ અમાવસ્યા | | ૧૮ શુક્રવાર અધીક માસ આરંભ | |
| ઓક્ટોબર | ૧૬શક્રવાર અધીક માસ પૂર્ણ | ૧૭ શનિવાર નવરાત્રી આરંભ | ૨૪ શનિવાર નવરાત્રી અંત | ૨૫ રવિવાર દશેરા વિજ્યા દસમી | ૩૧ શનિવાર શરદ પૂર્ણિમા |
| નવેમ્બર | ૪ બુધવાર કડવા ચોથ, સંકટ ચર્તુથી | ૧૨ ગુરૂવાર વાઘ બારસ, ધન તેરસ | ૧૩ શુક્રવાર કાળી ચૌદસ | ૧૪ શનિવાર દિવાળી, લક્ષ્મી પૂજન. ચોપડા પૂજન | |
| ૨૬ ગુરૂવાર દેવ પોડી એકાદસી/તુલસી વિવાહ | | | ૨૯ રવિવાર દેવ દિવાળી, કાર્થીગાક દિપમ્ | | |
| ડીસેમ્બર | ૨૫ શુક્રવાર ગીતા જયંતિ. મોક્ષ એકાદસી | | | | |